# શહેરમાં ઉત્તરાયણ પર્વે છવાયો આકાશી નઝારો

**ઉતરાયણના દિવસે પવને સાથ ન આપ્યો મહત્તમ તાપમાન વધતા પતંગ રસિયાઓ ગરમીથી અકળાયા : વાસી ઉતરાયણે પણ પતંગોત્સવની મજા માંણી : ધાબા પર ડી જેની સુરાવલી વચ્ચે ડાન્સ અને ગરબાની રમઝટ જામી : ગુબારા અને ચાઇનીઝ દોરીનો ઉપયોગ નહીંવત : ઉતરાયણ પર્વની શાંતિપુર્ણ માહોલમાં ઉલ્લાસભેર ઉજવણી**







ગાંધીનગર તા ૧૫

આકાશને રંગીન બનાવતા ઉતરાયણ પર્વની ગાંધીનગરમાં ઉત્સાહભેર ઉજવણી થઇ હતી. ઉતરાયણના પર્વ દરમિયાન પવને જોઇએ તેવો સાથ ન આપતા પતંગ રસિયાઓ અકળાયા હતા. જયારે દિવસ દરમિયાન પણ મહત્તમ તાપમાન ૩૨ ડી ગ્રી રહેતા ધાબા પર આકરી ગરમી અનુભવતા પતંગરસિકો ગરમીથી તોબા પોકારી ગયા હતા. પવનની હળવા ભારે જોકા વચ્ચે ઉતરાયણ પર્વને આમછતા નગરજનોએ મનભરીને માંણ્યુ હતુ. ડી જેના સુર વચ્ચે કાપ્યો... અને લપેટ..ની બુમ વચ્ચે અગાશીઓ ગાજી હતી. ગાંધીનગરનુ આકાશ પણ અવનવા રંગોથી નિખરતુ જોવા મળ્યુ હતુ. જયારે આ વર્ષે પ્રથમવાર ચાઈનીઝ ગુબ્બારા અને દોરીનો ઉપયોગ નહીંવત જોવા મળ્યો હતો. વાસી ઉતરાયણના દિવસે પવન પ્રમાણમાં ઠીક રહેતા પતંગ રસિકોએ ઉતરાયણની અધુરી કસર પુરી કરી લીધી હતી. મોડી સાંજ તેમજ રાત્રિના સમયે પણ પતંગ રસિયાઓ અગાશીએ જોવા મળ્યા હતા.

આડા દિવસોમાં સુર્યપ્રકાશના અજવાળા વચ્ચે વાદળોની વાદીઓમાં પક્ષીઓથી નિખરતુ નભમાં ઉતરાયણ પર્વમાં રંગીન નઝારો જોવા મળ્યો હતો. આકાશમાં ઉતરાયણના દિવસે સવારથી જ રંગબેરંગી પતંગોનુ સામ્રાજ્ય જોવા મળ્યુ હતુ. પતંગ રસિયાઓ સવારથી જ અગાશીમાં ચઢી ગયા હતા. પલવારમાં જ આકાશ રંગીન બની ગયુ હતુ. પરંતુ સવારે થોડી વાર માટે પવને યારી આપી હતી. જયારે બપોર થતા જ પવન અદ્રશ્ય થઇ ગયો હતો. જેના લીધે પતંગ રસિયાઓ નારજ થયા હતા. પવન પડી જવાની સાથે વાતાવરણમાં મહત્તમ તાપમાન પણ વધતા ગરમી આકરી બની હતી. ઉતરાયણના દિવસે બપોરે મહત્તમ તાપમાન ૩૨ ડી ગ્રી એ પહોંચી જતા પતંગ રસિકો આકરા તાપમાં શેકાયા હતા. સાંજના સમયે હળવી પવનની લહેરકી વચ્ચે પતંગ રસિયાઓ પતંગોની મજા માંણી હતી. જયારે સાંજે અગાશી પર આંતશબાજી સાથે ફટાકડા ફોડી ઉતરાયણ પર્વના વધામણાં કર્યા હતા. જો કે આ વર્ષે ચાઈનીઝ ગુબારા ગણ્યાગાંઠ્યા જ જોવા મળ્યા હતા. તંત્રની કામગીરી અને જનજાગૃતિ અભિયાનના અંતે

● અનુસંધાન પાન-૭ પર

## દોરી અને અકસ્માતથી ૩૫ પશુઓ પણ ઘાયલ

ઉતરાયણના પર્વ દરમિયાન કાતિલ દોરીથી માત્ર પક્ષીઓને જ ઈજા થઇ હોય તેમ નથી. પરંતુ રસ્તે રખડતા પશુઓ પણ દોરીના લીધે ઘવાયા છે. જેમાં કુલ ૩૫ પશુઓ દોરી વાગવાથી તેમજ અકસ્માતના કારણે ઈજા પામ્યા છે. ઈજાગ્રસ્ત પશુઓમાં ૨૧ કુતરા દોરી વાગવાના લીધે ઘવાયા હતા. જયારે ૨ બકરીને પણ દોરી વાગવાથી ઈજા થઇ હતી. જયારે ૬ ગાયોને વધારે ઘાસ ખાવાથી અપચો થયો હતો. વધુમાં ત્રણ નીલગાય અકસ્માતને ભેટી હતી. જયારે અન્ય ૩ વાનરને પણ કરંટ લાગ્યો હતો.

## વૃક્ષોમાં ફસાયેલા દારી પતંગોનો નિકાલ કરવા માટે ૪૫ ટીમ કામે લાગી

ઉતરાયણ દરમિયાન કાતિલ દોરીના લીધે રાહદારીઓ ઉપરાંત અનેક પક્ષીઓ પણ ઘાયલ થયા છે. જયારે દોરીથી રક્ષણ આપવા માટે સ્થાનિક સેવાભાવી યુવાનો તેમજ સ્વયંસેવકોની ટીમ પણ કામે લાગી હતી. જયારે ઘાયલ પક્ષીઓની સારવાર માટે વનતંત્ર દ્વારા એન જી ઓ ની મદદથી ઉમદા કામગીરી કરી પક્ષીઓ અને પશુઓના જીવ પણ બચાવ્યા છે. જયારે ઉતરાયણના પર્વ દરમિયાન અને બાદના દિવસોમાં પણ હરિયાળા નગરમાં ઝાડ પર ફસાયેલા દોરી પતંગો પણ પક્ષીઓ માટે કાતિલ પુરવાર થતા હોય છે. જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા આ માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વનતંત્ર દ્વારા ઝાડ પર ફસાયેલા દોરી પતંગનો નિકાલ કરવા માટે જિલ્લામાં ૪૫ ટીમો કામે લગાડવામાં આવી છે. શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે ત્યારે ૧૦ જેટલી ટીમો શહેરમાં પણ કામે લાગી છે. તાલુકાકક્ષાએ પણ બે બે ટીમો કામે લાગી છે. આ સ્વયંસેવકોની ટીમ દ્વારા વૃક્ષોમાં ફસાયેલા દોરી પતંગોનો નિકાલ કરવામાં આવી રહયો છે. હજુ પણ બે દિવસ આ ઝુંબેશ યથાવત રહેશે. તમામ વૃક્ષોને દોરી પતંગ મુક્ત કરવા માટે વનતંત્ર દ્વારા આ વિશેષ અભિયાનને વેગ આપવામાં આવ્યો છે.

## ઉતરાયણના પર્વ દરમિયાન ઘવાયેલા ૧૦૫ પક્ષીઓ પૈકી ૯૯ ને નવી ઉડાન

ગાંધીનગર તા ૧૫

ઉતરાયણના પર્વ દરમિયાન આકાશમાં વિહરતા અબાલ પક્ષીઓની જીવાદોરી કાતિલ દારીથી કપાવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે જો કે આ વખતે પણ વનતંત્ર અને સ્થાનિક પક્ષીપ્રેમી સંસ્થાઓની મદદથી ઘવાયેલા અનેક અબોલ પક્ષીઓને નવી ઉડાન આપવામાં આવી છે. ઉતરાયણના પર્વ દરમિયાન કુલ ૧૦૫ પક્ષીઓન ઉજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત પક્ષીઓને સારવાર પુરી પાડવા માટે જિલ્લા વન અધિકારી અતુલ અમીનના માર્ગદર્શન હેઠળ સ્થાનિક એન જી ઓ વનશ્રી ટ્રસ્ટ તેમજ પ્રકૃતિ યુવા સંગઠનના સ્વયં સેવકોની ટીમે પણ ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે. ઉતરાયણ દરમિયાન ૪૦ જેટલા કબુતર , ૩ મોર ૨ સમડી અને ૩ આઈબીસ સહીત અન્ય થઈને કુલ ૧૦૫ પક્ષીઓને ઈજાઓ થવા પામી હતી. જયારે ઘવાયેલા આ પક્ષીઓ પૈકી ૬ પક્ષીઓના મૃત્યુ નિપજયા હતા. જયારે અન્ય ઘવાયેલા



પક્ષીઓને સમયસર સારવાર પુરી પાડી બચાવી લેવાયા હતા. ૯૯ જેટલા ઘવાયેલા પક્ષીઓને સારવાર પુરી પાડી નવી ઉડાન આપવામાં આવી હતી. જયારે ગાય , કુતરા સહીતના કેટલાક પશુઓ પણ દોરીથી ઘવાયા હતા. જેને પણ સારવાર પુરી પાડવામાં આવી હતી. આ પક્ષી બચાવો અભિયાનમાં ૧૫૦ જેટલા સ્વયં સેવકોની ટીમ પણ કામે લાગી હતી. વનતંત્ર દ્વારા પક્ષીઓને બચાવવા માટે ગત તા ૧૦ જાન્યુઆરીથી જ અભિયાન શરૂ કરી દેવાયુ હતુ. સ્થાનિક એન જી ઓ અને પક્ષીપ્રેમી સ્વયં સેવકોની ઉમદા કામગીરીના લીધે પક્ષીઓનો જીવ બચાવવા માટે ઉમદા કામગીરી કરવામાં આવી હતી.





ઉતરાયણ પર્વમાં પતંગ રસિયો મનમુકીને પતંગ ચગાવે છે. સમગ્ર આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ત્યારે પતંગની દોરી પશુ-પક્ષીઓ સહિત માનવી માટે પણ ઘાતક નીવડે છે. પતંગની દોરીથી પક્ષીઓની પાંખોને ઈજા પહોંચે છે તો માનવીના ગળાના ભાગે દોરી વાગતા કયારેક જીવલેણ પણ સાબિત થાય છે. ત્યારે શહેરના ગ-૧ વિસ્તારમાં આવેલ સેકટર-૩ અને ૪ ના સેવાભાવી નાગરીકો દ્વારા ઉતરાયણ પર્વમાં ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં માર્ગ પર આવી પડેલી પતંગની દોરી તુરંત એકઠી કરી દેવામાં આવતી હતી.જેથી કરીને માર્ગ પરની દોરી કોઈ ટુ-વ્હીલર ચાલક માટે ઘાતકી ન બની જાય. તો બીજી તરફ વૃક્ષ પર ફસાયેલા પતંગ અને દોરી પણ નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. ઝાડ પર લટકી રહેલી દોરી પક્ષીઓની પાંખમાં ભરાઈ જતા ઈજા પહોંચાડે છે. જેથી ઉતરાયણના પર્વ દરમિયાન પતંગની મોજ માણવા વિના આ સેવાભાવી નાગરીકોએ સેવા પુરી પાડી હતી જેમાં ધર્મેન્દ્રસિંહ ચાવડા, આશિષભાઈ પટેલ, સન્નીભાઈ, જીતુ પટેલ અને શૈલેન્દ્રસિંહ રાઠોડનો સમાવેશ થાય છે.

## તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટે ભાજપમાં ૧૦૦થી વધુ દાવેદારો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ૩૬ બેઠકો માટે ભાજપમાંથી ૧૦૦થી વધુ ઉમેદવારોએ આજે નિરીક્ષકો સમક્ષ તેમના દાવા રજુ કર્યા છે. નિરીક્ષકોએ આ માટે આજે પેનલો બનાવવાની કવાયત પુરી કરી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી મહિને યોજાનાર સામાન્ય ચૂંટણીને લઈ પ્રદેશ દ્વારા નિમાયેલ ત્રણ નિરીક્ષકો શ્રી અનિલ પટેલ, શ્રી આઈ.કે. જાડેજા અને વીણાબેન પ્રજાપતિ આજે સે-૨૧ ખાતેના જલ્લા કાર્યાલય કમલમ ખાતે ઉમેદવારોની રજુઆતો સાંભળી હતી.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકોની આજની સુનાવણી દરમિયાન ગાંધીનગર (દ)ના ધારાસભ્ય તેમજ ગાંધીનગર (ઉ)ના પૂર્વ ધારાસભ્યોની હાજરી લઈ કાર્યકરોમાં કચવાટ અને ગણગણાટ પણ જોવા મળતો હતો.

મળતી વિગતો પ્રમાણ આજની સુનાવણી દરમિયાન મોટા ભાગની બેઠકો પર ત્રણથી વધુ નામ રજુ થતાં ત્યાં પેનલ બનાવવામાં આવી છે. ચાર-પાંચ બેઠકો પર તો અડધો ડઝનથી પણ વધુ નામો રજુ થયા હતા.

નિરીક્ષકો તેમનો અહેવાલ અને પેનલો તૈયાર કરી પ્રદેશ કક્ષાએ રજુ કરશે. આ પછી પ્રદેશ કક્ષાએથી ઉમેદવારોની યાદીને આખરી રૂપ આપવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની આ ચૂંટણી વધુ રોચક બનશે તેની વાતો કાર્યકરોના મુખે થતી સાંભળવા મળી હતી. ઉમેદવારોની રજુઆતો વખતે ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્યની સતત હાજરીને લઈ કાર્યકરોમાં કચવાટ અને ગણગણાટ પણ વધુ સાંભળવા મળ્યો હતો. હાલ ગાંધીનગર તા.પં.માં ભાજપ સત્તા પર છે. જો કે વિધાનસભાની તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણીના પરિણામોનું અંકવિશ્લેષણ જોતાં ૨૬ બેઠકો પર કોંગ્રેસની સરસાઈ જોવા મળી હોવાથી ભાજપની નેતાગીરી હવે તેની રણનિતીમાં શું બદલાવ લાવે છે તે હવે ખબર પડશે.

તાલુકા પંચાયતની આ ચૂંટણી જિલ્લાના પંચાયતી રાજના સમીકરણોમાં મહત્વ ધરાવે છે તેમજ જિલ્લા પંચાયત કરતાં પણ તાલુકા પંચાયત મોટી હાઈ મુખ્ય બંને પક્ષો માટે આ ચૂંટણી મહત્વની છે.

**કમલમ્ સે-૨૧ ખાતે પ્રદેશ નીરિક્ષકોએ ટિકિટ વાંચ્છુઓની રજુઆતો સાંભળી : ધારાસભ્ય, પૂર્વધારાસભ્યની સતત હાજરીથી કાર્યકરોમાં ગણગણાટ અને કચવાટની લાગણી જોવા મળી**

## શહેરમાં ભરશિયાળે ઉનાળાનો અહેસાસ

**મહત્તમ તાપમાન ૩૨ ડિ.સે. પહોંચતા ગરમ વસ્ત્રો ફગાવવા પડ્યા : ઠંડી ગાયબ થઈ ગઈ હોય તેવો આકરો તડકો અનુભવાયો**

ગાંધીનગર, તા. ૧૫

હજુ તો જાન્યુઆરી માસ અડધો થયો છે ત્યાં તો જાણે ગરમી આવી ગઈ હોય તેવુ લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસથી આકરો તડકો પડતા ગરમી લાગવા માંડી છે.

અઠવાડિયા અગાઉ ખુબજ આકરી ઠંડી અનુભવતા ગાંધીનગરાઓને અચાનક જ ગરમીનો અહેસાસ થવા લાગ્યો છે. પવનની દિશા બદલાતા જ ઠંડી જાણે ગાયબ થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યું છે. ઉત્તરાયણના દિવસે પતંગ ચઢાવવા ધાબો ચઢેલા પતંગરસિયાઓ આકરા તડકાથી હેરાન પરેશાન થઈ ગયા હતા. આકરી ઠંડીથી બચવા તડકો શોધતા વસાહતીઓને અચાનક જ તડકો આકરો લાગવા માંડ્યો હતો. પતંગરસિયાઓને તડકાથી બચવાના ઉપાયો શોધવા પડ્યા હતા. ચશ્મા, હેટ સહિતની વિવિધ એસેસરીઝનો ઉપયોગ વધ્યો હતો. અમસ્તા જ ધાબે ચઢેલા ઘણા વસાહતીઓ તડકાથી કંટાળીને બપોર પહેલા તો ઘરમાં આવી ગયા હતા.

દિવસ દરમ્યાન ગરમી વધતા રાત્રે પણ લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીએ પહોંચતા ગરમ વસ્ત્રો ફગાવી દેવાની ફરજ પડી છે. અચાનક જ ગરમીનો અહેસાસ થતાં ઘણા ઘરોમાં તો પંખા ચલાવવા પડ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની દિશા બદલાતા ગરમી પડી રહી છે. ગુજરાતમાં મોટેભાગે ઉત્તર ભારત તરફથી આવતા પવનોથી ઠંડી પડે છે. પવનની દિશા બદલાતા જ ઠંડી સાવ ઓછી થઈ ગઈ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com